# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હતી જાદુઇ અસર ત્યારે દરકાર થઇ ગઇ!
ધરી ભેટ ધરાની, આસારામ, સરકાર થઇ ગઇ
ફૂટ્યો ભંડો પાપ લીલાનો ને નેતાજી નાઠા દૂર
પાણી ભાવે પીરસી'તી જમીન શ્રી સરકાર થઇ ગઇ!
(આસારામ-સાંઇની જમીનો જપ્ત)

## હાઇકુ

કરે હેરાન!
એક બાજુથી ચીના -
ને અલનીના..

કોંગ્રેસ નું તો -
ચિંતન પણ થયું -
ચિંતા-જનક..

## ચિંતન

**સંપદો મહતા મેવ મહતા મેવ ચા પદઃ । વર્ધતે-ક્ષીયતે ચંદ્રો ન તું તારાગણઃ કચિત ॥**

'મોટા માણસોની પાસે જેમ સંપત્તિઓ આવે છે તેમ એવી જ મોટી વિપત્તિઓ પણ આવતી હોય છે, ચંદ્ર જેમ પૂર્ણિમા સુધી વિકાસ પામે છે તો અમાવાસ્યા સુધી ક્ષીણ પણ થાય છે આમ વધવું ઘટવું, હાનિ-લાભ બધું મોટા લોકોને હોય છે તારા ગણ જેવા સામાન્ય જનને એવી કોઇ જ ચિંતા-ફિકર રહેતી નથી.'

સામાન્ય જન જેમાં સાહસવૃત્તિ નથી અને સંતોષને નામે આળશને પોષણ આપે છે એવા લોકો જીવનમાં પ્રગતિ કરી શકતા નથી. દાલ-રોટી અને પથારી વચ્ચે એમની જીવનયાત્રા પુરી થઇ જાય છે એને કોઇ આપત્તિ-ખોટ-આવતી નથી. જે સાહસ કરે વેપાર કરે વિદેશ-દેશ દેશાવર ફરે એની પ્રગતિ અને વિકાસ થાય સંપત્તિ મળે અને ખોટ પણ જાય.

અંબાણી-અદાણી કરોડો-અબજોમાં ખેલતાં હોય તો કયારેક લાખોનું નૂકસાન પણ થાય-એટલે અહીં મોટાની આપત્તિ પણ મોટી હોય છે એમ કહ્યું છે.

ચંદ્ર વિકસિત થાય અને ક્ષીણ પણ થાય પણ તારાઓનો સમૂહ ટમ-ટમ થાય બીજું કંઇ ન થાય.

## સુવિચાર

- આત્મા 'પ્રકાશ' હૈ ઔર પ્રેમ 'વિકાસ' **- મુન્શી પ્રેમચંદ**
- બીજાઓની ભૂલો જોઇને શીખો.. નહીંતર પોતાના ઉપર પ્રયોગો કરવા રહેશો તો આયખું ઓછું પડશે **- ચાણક્ય**
- 'સમય' ગમે તેવો હોય બદલાતો જ રહેશે.. એટલે સારા સમયમાં એવું એકેય કામ ન કરશો, કે જેથી ખરાબ સમયમાં લોકો તમારો સાથ છોડી દે **- એસ. ભટ્ટાચાર્ય**
- સાથ છોડવા વાળાને તો એક નાનું બહાનું જોઇએ.. અને સાથ નિભાવવાવાળા તો મોત લગી સાથ નથી છોડતા **- ભાણદેવ**
- પડકાર ઝીલવામાં બે વાતો શક્ય છે કાં તો સફળ થશો અને કાં તો વધુ શિક્ષિત થશો **- જનકલ્યાણ**
- ઘાસના તણખલા જેવા બનીને અને વહેતી નદી જેવા ગુરૂને સમર્પિત બનીએ તો પરમાત્માના અમૃત સાગરમાં પહોંચી જ શકીએ **- ધર્મસૂત્ર**
- અધ્યાત્મ જગતમાં પ્રવેશ પદાર્થના ત્યાગથી નથી થતો પરંતુ પ્રભુ પ્રત્યેના પ્રેમથી થાય છે **- સંત રોબિન**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

વાદ-વિવાદ-સંઘર્ષ-બોલાચાલી થાય ત્યારે હંમેશા એક પાત્ર જે સમજું અને સહનશીલ હોય તેણે ત્યાગભાવના સાથે, અન્યાય થતો હોય-પોતે સાચાં હોય તો પણ 'તે સમયે' મૌન રહેવું જોઇએ. ઘર્ષણની ક્ષણ ટળી જાય ત્યારે સ્પષ્ટતા-હકીકત રજૂ કરવી જોઇએ.

એક પતિનો સ્વભાવ ઉગ્ર હતો. નાની નાની વાતમાં ઉશ્કેરાટ આવી જાય, બૂમબરાડા પાડે, વાસણો ખાવાની ડિસ ફેંકે.. વગેરે.

તેની પત્ની આવી ક્ષણ આવે કે તરત જ દલીલ-જવાબ આપ્યા વિના સ્વેટર ગૂંથવા બેસી જતી. અને ઘર્ષણની ક્ષણ ટળી જતી..

કેટલાંક વર્ષો પછી પત્ની બીમાર પડી. અંતિમ ક્ષણો ચાલતી હતી. પત્ની એ પતિને કહ્યું પેલી નાની લાલ પેટી લાવો.

પતિ પેટી લાવ્યો. રૂપિયાથી ભરી હતી. પતિને પૈસા સોંપતાં કહ્યું આ આપણાં સંઘર્ષની ક્ષણોની કમાણી છે - મારી મા એ મને સ્વેટર ગૂંથતાં શીખવ્યું અને લગ્નની વિદાય સમયે એક વચન સાથે આજ્ઞા આપી હતી કે જયારે પણ સંઘર્ષ-બોલાચાલી થાય ત્યારે તારે સ્વેટર ભરવા બેસી જવું. એ બધાં સ્વેટર વેંચીને થયેલી આ આવક છે.

પતિએ પૈસા સ્વીકાર્યા આંખમાં પશ્ચાતાપના આંસુ હતા. કહ્યું, હવેથી હું મારા ગુસ્સા પર કાબૂ રાખીશ અને એક સ્વેટર કાયમ પહેરી રાખીશ.'

Email - sureshchandrabhatt18@gmail.com

# નિર્મલા આંટીનો શ્વાસ અટકી ગયો હતો. તે વિચારતી હતી કે અજયને તેનું વાસ્તવિક નામ બતાવવું કે નહીં, પછી વિચાર્યું કે માટીનું પણ કોઇ નામ હોય ખરું, તેણે હકારમાં માથું હલાવી દીધું

## નવાં કલેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

ડોકટરે ફરી આશ્વાસન આપ્યું, 'ગભરાવ નહીં' પછી હસીને કહ્યું, 'એમ હું તમને અહીંથી જવા દઇશ નહીં તમારે દરદીઓની સેવા કરવી પડશે. તમે ફસાઇ ગયાં છો. આ નર્સ નિવેદિતા છે. તેણે જ તમારી ખુબ દેખભાળ કરી છે. તો તેના પર વિશ્વાસ રાખો. તમે એને તમારી વાત કરજો કે તમે અહીં કયાંથી અને કેવી રીતે આવ્યાં અને કયાં જવા માંગો છો. અમે મોકલી દઇશું. હવે હું બીજા દર્દીઓને તપાસવા જાઉં છું. પૈસાની ચિંતા ન કરતાં એ તો હું મજાક કરતો હતો. એમ કહી હસતા હસતા એ આગળ વધ્યા.'

નિર્મળા હજુ પણ કંઇક અસંમજસની સ્થિતિમાં હતી. તેણે શું કરવું, અહીં જે તેને કહેવામાં આવી રહ્યું છે તે સાચું છે કે પછી અમસ્તુ જ. થોડીવાર પછી મેં તેમને કહેલું, 'નિર્મલા બેન તમારી ઇચ્છા હોય તો તમારી વાત મને કરજો, હું ડોકટર સાહેબ સિવાય આ વાત કોઇને પણ કરીશ નહીં તેનો વિશ્વાસ રાખજો.'

તેણે હાથ આગળ ધરી મારો હાથ પકડી લીધો. 'સાચે સાચું કહેવા તો માગું છું પણ બીક લાગે છે. આ દુનિયામાં મારું હવે કોઇ નથી.'

'કહી દો, મનનો બોજ હળવો થશે. અત્યારે કહેવું હોય તો અત્યારે અથવા પછી ગમે ત્યારે. તમારે જયાં સુધી અહીં રહેવું હોય ત્યાં સુધી રહી શકો છો. હાં, ડોકટર સાહેબને વાત કરવી પડશે.'

'એવું થાય ખરું?' તેણે પુછેલું.

પછી તો એ અહીંના થઇને રહી ગયા.

તેમણે જયારે પોતાની વાત કરી ત્યારે વાત કરતાં કરતાં વારંવાર આંખમાં આંસુ આવી જતા હતા. જેને તે પોતાના કપડાંથી લુછતાં હતા એટલે મેં નેપકીન આપતાં મારા પ્રત્યે આભારવશ નજરે તેમણે જોયેલું. તેમના ચહેરા પર તાણ ઓછી થતી હતી. આખી વાત કર્યા પછી જાણે કે એ હળવા ફૂલ થઇ ગયા. જેમકે કોઇ માણસ ભારે વજન ઉંચકીને આવ્યા બાદ તેને નિયત સ્થળે પહોંચાડ્યા બાદ જે રાહત અનુભવે અને થાક ખાય તેમ એમણે હળવાશ અનુભવી. પછી તેમણે કહ્યું મારા જીવનનું સત્ય મેં તમને કહ્યું. પણ વાસ્તવિક નામ છુપાયેલું હવે તું મારા વિષે બધું જ જાણી ગઇ છે તો પછી સાચું નામ પણ શું કામ છુપાવવું. એમ કહી તેણે પોતાનું અસલી નામ બતાવેલું. મેં તેમને દિલાસો આપેલ કે તમારું અસલ નામ કયારેક જાહેર નહીં કરું. નામમાં છે પણ શું. નિર્મલા હોય કે નસીમા કે નરગીસ. ડોકટર દિવ્યેશને મેં તેમની આખી જીવન કહાણી કહી માત્ર વાસ્તવિક નામ છુપાવેલું. આટલા સમય બાદ એ બધી વાત ટૂંકમાં કહું છું. તમે પણ સાંભલી લો.'

'એ એવી એક કમનસીબ સ્ત્રી છે. જેનાં લગ્ન બાળપણમાં જ થઇ ગયેલાં અને એક બાળકીની માતા બની ગિ. સાસરામાં બધું બરાબર હતું. પતિ તેને ખુબ પ્રેમ કરતો હતો પણ પતિના મોતે આખી પરિસ્થિતિ બદલી નાંખી. ઘરમાં તે અપશુકનિયાળ ગણાવવા લાગી. તેને ઘરમાંથી બહાર કાઢી મુકી. પિયર અને સાસરાથી નિરાશ થયેલી તેણે તનતોડ મહેનત કરી દીકરીને ભણાવી અને અઢાર વર્ષની થતાં તેને પરણાવવાનું નક્કી કર્યું પણ બધે જ દહેજની માંગણી થતી હતી. દહેજની રકમ કયાંથી લાવવી એ પ્રશ્ન હતો. તે દરમિયાન તેની એક પાડોશણે તેને 'સરોગેસી સેન્ટર'ના એક એજન્ટ સાથે મુલાકાત કરાવી આપી.

લેડી ડોકટરે જયારે 'ગર્ભાશય ભાડે' આપવા અંગેની વાત કરી તો તેને આશ્ચર્ય થયું. તેણે કીડની આપવાની વાત તો સાંભળેલી પરંતુ 'ગર્ભાશય ભાડે' જેના બદલામાં ત્રણ લાખ રૂપિયા મળે અને બાળક જન્મે એટલે તેનાં માબાપને આપી દેવાનું. ઉપરથી રહેવા અને ખાવાપીવાની પણ સરસ સગવડ. ત્રણ લાખ તો એ આખી જિંદગી મહેનત કરે તો પણ કમાઇ ન શકે. જરૂરત માનવ પાસે શું શું કરાવતી નથી. બાળક બીજાનું હશે. તેને શું ફરક પડવાનો. આ ઉંમરે ફરી બાળક પેદા કરવાનું. તે વિચારમાં પડી ગયેલી જાણએ કે કોઇનો સામાન પોતાના થેલામાં લાવી પૈસા લઇને સામાન આપી દેવાનો. પણ બાળક થેલીમાં નહીં પોતાના પેટમાં ઉછેરવાનું હતું. જે થાય તે જોયું જશે. હમણાં તો તેને દીકરીનાં લગ્નની ચિંતા વધુ હતી. તેથી ઉદાર લઇ દીકરીના લગ્ન કરાવી નોકરીના બહાને બહાર જઇને પાછી ફર્યા પછી દહેજના દોઢ લાખ આપવાનો તેને વાયદો કરી દીધો. પોતાની ઉંમર વધારે હોવા છતાં ખોટું બોલીને તેણે કુંખ ભાડે આપી દીધી. દીકરીના સાસરાવાળાને ધીરજ નહોતી. તેમને દીકરીને ફ્લેટના પાંચમા માળેથી ધક્કો દઇ આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું. છેવટે એ લોકો પકડાયાં પણ ખરાં પણ ત્યાં સુધી નિર્મળાનું સર્વસ્વ લુંટાઇ ગયું હતું. આ બનાવ બન્યાના થોડા દિવસ પહેલાં જ નિર્મળાએ બાળકને જન્મ આપ્યો હતો. પોતાની શારીરિક નબળાઇ છતાં બનાવની જાણ થતાં જ તે દીકરીના સાસરે પહોંચી હતી. દીકરી ગઇ અને નવજાત બાળક પણ તેની માતા પિતા પાસે ગયું. તેનો ચહેરો તેની નજર સામે વારંવાર દેખાતો હતો. મન ઉદાસ થઇ જતું. ભલે અંડકોષ અને શુક્રાણું બીજાના હોય પણ લોહી અને દૂધ તો તેનું પોતાનું હતું. નવ માસ સુધી પેટમાં ઉછેરવાનો મહાવરોમાં માટે અહીં વ્યર્થ સાબિત થયો હતો. જે ઉદ્દેશ માટે તેણે આ બધું કર્યું તે પણ પુરો ન થયો. એક દીકરી અને એક દીકરાને જન્મ આપવા છતાં માં કહેવાવા માટે એ તલસી રહી હતી. એ પૈસાને હવે શું કરવાના, જે ઉદ્દેશ માટે તેણે આટલું દુઃખ સહન કર્યું એ તો પુરો થયો નહીં હવે મારે આ બાબતે કોઇને કાંઇ કહેવું નથી. મારા એ અનામ દીકરાને નામ મારા એ પૈસા મેં ન્યોછાવર કરી દીધા એમ સમજી લો.

બધી વાત પુરી કર્યા પછી તેણે પુછેલું. તારે પણ કોઇ કુટુંબ હશે ને? કદાચ બાળકો પણ... તેમનાથી દૂર રહેતાં તને કેવું લાગે લાગે છે? મારા હાથ તો એકદમ ખાલી છે. કંઇ જ બચ્યું નથી. મારી આ જિંદગી. જો હું એ સમયે જ મરી ગઇ હોત તો છુટકારો મળી જાત મને શું કામ બચાવી લીધી. મરી જવા દીધી હોત તો તેનો આ પ્રલાપ સાંભળી પહેલાં તો તેની શાંત પાડ્યાં પછી કહ્યું કે હું તો અવિવાહિત છું. મેં સેવાનું વ્રત લીધું છે. તેને મારામાં વિશ્વાસ પડ્યો નહોતો. થોડીવાર એમ જ મારી સામે જોતી રહેતી.

'જીવન એવું પણ હોય. સેવાનું વ્રત, પણ મને તો કંઇ આવડતું જ નથી?'

'કેમ, તમે તો જિંદગીનાં ઘણાં કામો કર્યા છે. થોડા દિવસમાં હોસ્પિટલના કામો પણ શીખી જશો. પછી જો જો તો ખરાં તમારી એ પોતાની સેવા ભાવનાથી બધાને પોતાના કરી લે છે. જેથી લોકો તેના પ્રત્યે આત્મીયતા ધરાવવા લાગે છે. અત્યારે એમની તબિયત ખરાબ છે અને આઇ.સી.યુ.માં દાખલ કર્યા છે ત્યારે તેમના ચાહકો મળવા આવે છે અને તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના પણ કરે છે. તમે પણ તેમાંના એક છો ને! કેટલીવાર તેમની ખબર પુછવા આવતા રહ્યા છો. તમારો તેમની સાથે શું સંબંધ છે? એક માનવતાનો જ સંબંધ છે. અજય નિવેદિતા પાસે ખુબ જ આગ્રહ કરી જાણવા માગ્યું કે તેને આંટીનું અસ્સલ નામ કહે. તમે જાણતાં નથી કે હું પણ 'ભાડાંની કુંખે' જન્મેલ મારા માતા પિતાનું બાળક છું. મને ધારણ કરનારીનું નામ 'કુસુમ' હતું. જેણે મને જન્મ આપ્યા બાદ રૂપિયા માટે કયારેય કલેઇમ નથી કર્યો. આ વાત જાણ્યા પછી મારી શોધ ચાલું છે, આવી નિરપેક્ષ અને દયાળું માં ને એકવાર મળું તો ખરો, તેની ત્યાગવૃત્તિને જાણી શકું. અને શા માટે આટલી મોટી રકમ ઠુકરાવી દીધી. તેને જરૂરિયાત તો હશે જ. તે હવે આ દુનિયામાં છે કે નહીં તેની ખબર નથી, સાચું કહેજો એનું નામ 'કુસુમ' તો નહોતું ને! નિર્મલા આંટીનો શ્વાસ અટકી ગયો હતો. તે વિચારતી હતી કે અજયને તેનું વાસ્તવિક નામ બતાવવું કે નહીં. પછી વિચાર્યું કે માટીનું પણ કોઇ નામ હોય ખરું. તેણે હકારમાં માથું હલાવી દીધું.

- vanvihari@gmail.com

# મોબાઇલની માયાજાળ...!! એક વેંતની માયાવી નગરીમાં ખોવાયેલો માણસ...!!

**હરતાં ફરતાં ફેસબુક, વૉટસ્ અપ અને ટ્વિટર પર આંટા મારનારાં અને કલાકો સુધી દૂરના લોકો સાથે ચેટ કરનારાં ઘરનાં સાથે ચાર વાતો વ્યવસ્થિત કરતાં નથી અને એમનાં ઘરમાં માણસ કરતાં વધારે ટીવી બોલે છે**




એક સુશિક્ષિત અને શ્રીમંત કહેવાય એનો સુખ-સમૃદ્ધિ ભર્યો મારો પરિચિત છે. વર્ષે એકાદ-બે વખત ઘરે જવા-આવવાનો રિવાજ પણ ખરો... પણ છેલ્લે બે-ત્રણ વર્ષમાં આ પરિચિત પરિવારની બદલાયેલી પરિસ્થિતિ મનને અસ્વસ્થ કરી મુકે છે.

પહેલાં બધાં જ ખુલ્લા મને દિલે વાતો કરતાં હતા. હવે કંઇક અજુગતું લાગે છે. એમનું ઘર એટલે ચાર ભીંતો વચ્ચે વસેલા અલગ અલગ બેટ જેવું બની ગયું છે! ઘરમાં ચાર જ સભ્યો - પતિ-પત્ની બંને નોકરીયાત. એક છોકરો અને છોકરી બંને કૉલેજ - એન્જિનિયરીંગ અને એમબીએના વિદ્યાર્થી અને પોતપોતાની દુનિયામાં મસ્ત. દરેકનાં હાથમાં સ્માર્ટ ફોન અને અફકોર્સ એમાં ઇન્ટરનેટ ખરૂં જ. સિવાય દરેક જોડે સારી બ્રાંડના આઇફોન અને આઇપેડ પણ છે. રાત્રે બધાં એક એક કરીને ઘરે આવે. કામ પુરતી વાત કરી લે. ખબરઅંતર પણ પુછી લે અને પોતપોતાના રૂમમાં ચાલ્યા જાય!!

કયારેક પોતાનો મનગમતો ટીવી કાર્યક્રમ જોવો હોય તો હૉલમાં બેસે અને જોઇ લે અને નહીં તો પોતપોતાના સ્માર્ટ ગેજેટ્સમાં માથું આંખો અને ડૉક ઘાલીને બેસી રહે. જમવાના ટેબલ પર પણ ચારે સાથે જમવા બેસે પણ એક અજાયબીની જેમ, મોંઢું ખાલી જમવા આવ્યું છે. બોલવા નહીં એવું લાગે. એમના ઘરમાં જો મારાં જેવી કોઇ વ્યક્તિ ટપકી પડે તો બધાં જ જરાં કાચબાની જેમ સંકોચાઇ જાય!!



અરે! મારા જેવાં પારકાં માણસનું છોડો, આ ચાર માણસો એમની વચ્ચે આપસમાં મન ભરીને વાતો કરે એવો પ્રસંગ પણ ભાગ્યે જ બને છે. માણસોથી, વસ્તુથી, આધુનિક સાધનોથી, સુખી-સંપન્ન પરિવારની ઘરની આ શાંતિ હચમચાવનારી લાગે છે. આવતાં જતાં ફેસબુક-વૉટ્સ અપ - ટ્વિટર પર આંટા મારનારાં આ માણસો ઇન્ટરનેટ પર કલાકો સુધી ચેટ કરી દૂરનાં માણસો સાથે સેંકડ - સેંકડનાં બ્રેકીંગ ન્યૂઝના અપડેટ આપે છે એમની સાથે કનેક્ટ રહેવાનો આગ્રહ રાખે છે. પછી ઘરનાં માણસો સાથે સ્નેહના ચાર વાક્યો બોલવા આટલાં મોંઘા કેમ થાય છે??

તમારાં માટે આવું કોકનાં ઘરનું ચિત્ર નવાઇનું નહીં જ હોય. તમારાંય ઓળખીતા અથવા ખુદ તમારાં ઘરનું પણ આવું. ચિત્ર હોઇ શકે. સાચું તો એવું જ છે આજકાલ મોટાં ભાગનાં પરિવારમાં આ જ પરિસ્થિતિ છે. પ્રમાણ ઓછુંવત્તુ હોઇ શકે છે. સંવાદ અને મનોરંજન માટે આપણી જિંદગીમાં આવેલા આધુનિક સાધનોને કારણે નહીં પણ એનો જરૂરિયાત કરતાં વધુ ઉપયોગ કરવાને કારણે આજે ઘરમાંથી ઘરપણું ખોવાઇ રહ્યું છે અને આ ચિંતા મોટા પ્રમાણમાં બધાં વ્યક્ત કરે છે અને આ ચિંતાદાયક ચિત્ર સાવ અકારણ પણ નથી જ!!

સ્માર્ટ ફોનનો પગપેસરો તો હમણાં હમણાં થયો પણ શરૂઆતનો ૧૯૮૨માં એશિયાડ ગેમ્સ વખતે 'અપ્પુ' ને હાલતો ચાલતો બતાવનારાં ટીવી સાથે થઇ. ૧૯૮૩માં ભારતે જીતેલાં ક્રિકેટ વર્લ્ડ કપ સાથે ટીવી ઑન ડિમાન્ડ થયું અને 'રામાયણ' તો ત્યારે થઇ જયારે ઘરનાં બધાં આડોશી પાડોશી સાથે પલાઠી વાળીને 'ઇડિયટ બોક્ષ' સામે બેસવા લાગ્યા. સામેની હાલતી ચાલતી સ્ક્રીન પર ડોળા માંડીને પોતે સ્ટેચ્યુ બની ગયા. અને એ જ કામ આજે લેટેસ્ટ ગેજેટ્સનાં માધ્યમથી થઇ રહ્યું છે. એક વેંતની માયાજાળ સમાન આ માયાવી નગરીમાં માણસો ખોવાઇ રહ્યાં છે!!

આજે ઉંબરાની બહારની દુનિયામાં ટૉક કરતાં રહેવું જરૂરી બન્યું છે. સંવાદની કક્ષા ઉચ્ચ સ્તરે પહોંચી છે. માહિતી અને મીડિયાના જોરે મોદી વડાપ્રધાન બને એટલું સજ્જડ એનું મહત્ત્વ છે. દુનિયા સાથે કનેક્ટ રહેવાની તીવ્ર જરૂરિયાત છે, પણ એટલું શું ઘરના સાથેનો આપણો સંવાદ મ્યૂટ કરી દેવાનો? વૉટ્સ અપ પર ઢગલો માહિતી ફટાફટ ટ્રાન્સફર કરાય છે અને જ્ઞાની પણ બનાય છે. પણ સાથે બાજુમાં વાત કરતાં તરસતાં ઘરનાને રખડાવવાં કેટલાં વ્યાજબી છે?

થોડા વર્ષો પહેલાં અમદાવાદ-સુરત-વડોદરા જેવા શહેરોમાં ટીવી બંધ જેવી સંસ્થા ગ્રુપ સ્વયંભુ અસ્તિત્વમાં આવીને એમણે પ્રેરણાદાયી દાખલા બેસાડી ટી.વી. બંધ કરાવવા ખાસ્સી મહેતન કરેલી. તમારાં ઘરમાં માણસ કરતાં ટીવી વધુ બોલે છે એની પ્રતીતિ કરાવીને પરિવાર તરફ વાળ્યા. અનેક લોકોને પોતે ઘરમાં રહી પરિવાર સાથે વાત નથી કરતાં, બાળકોને સમય નથી આપતાં કે રમતાં નથી અને સીધાં રીમોટને હાથમાં લઇ ટીવી સામે બેસી જઇએ છીએ એની શરમ પણ આવી!!

ઘણાં બધાંએ એકાદ અઠવાડિયું ટીવી બંધ રાખ્યું અને ત્યારે જ એમને પત્ની-બાલકો સાથેનો જે મસ્ત અનુભવ થયો ત્યારે એમણે વર્ષે બે-ચાર અઠવાડિયા ટી.વી. બંધનો સંકલ્પ કર્યો. વર્ષો પહેલાં જે ટીવી માટે ટચાંકાં ફોડતાં હતા એવી જ અવસ્થા હવે સ્માર્ટ ફોન અને લેટેસ્ટ ગેજેટ્સ માટે થવાની તૈયારી છે. ટીવીની બાબતમાં એક વાત સારી હતી કે ઘરમાં ગોઠવાવું પડતું હતું જયારે સ્માર્ટ ફોન તો કર્ણનાં કવચ કુંડળની જેમ ખીસ્સામાં અથવા કાને ચોંટેલો જ હોય છે!!

હાથમાં રહેલા એક વેંતનો સ્માર્ટ ફોન કે ગેજેટ એકેબીજાને તુરંત કનેક્ટ કરવા, માહિતીની આપલે કરવાં, કામ નિપટાવવા કે પોતાના અંગત માણસો સાથે જોડાયેલાં રહેવા અત્યંત કામનો છે પણ એકવાર આ સિસ્ટમ ઑન થાય અને કામનું અવતરણ એના પરથી હટી જાય એટલે એ ભાન ભુલીને એ એમાં ખોવાયેલા રહે છે કે જયારે જુઓ ત્યારે એમની આંખો, ડોકું, કાન અને મન હાથમાં રહેલાં ગેજેટ્સની સ્કિન પર ઘુસાડીને બેઠેલાં દેખાય...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# અપેક્ષા અને માગણીઓથી પ્રેમને દૂર રાખો

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

કૅથરિન હકીમ (જન્મ ૧૯૪૮) બ્રિટિશ સમાજશાસ્ત્રી છે. લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં સીનિઅર રીસર્ચ ફૅલો છે. કૅથરિન કહે છે કે "પ્રેમ એ કવિતા છે પણ એ કવિતા સ્ત્રીએ પોતાના પ્રિયજન સાથે મળીને લખવાની છે. પ્રેમની કવિતામાં પણ સ્વતંત્રતા હોવી જોઈએ. કોઈ (પ્રિયજન) લખાવે એ પ્રમાણે સહમત થઈને આગળ વધવાનું ન હોય."

ભારત દેશના આઝાદી અંગેના સાર્વભૌમ દસ્તાવેજો ઉપર દસ્તખત કરીને લોર્ડ માઉન્ટ બૅટન જ્યારે બ્રિટન પાછા ફર્યા ત્યારે કૅથરિન માંડ એક વર્ષની હતી. બીજા વિશ્વયુદ્ધ પછી એનો જન્મ થયો. ત્યાં સુધીમાં બ્રિટને ભારે ખુવારી જોઈ લીધી હતી. કૅથરિન સ્ત્રીને પ્રેમમાં પણ સ્વતંત્રતા અભિપ્રેત હોવી જોઈએ, એવો મત વ્યક્ત કરે છે. શા માટે નહીં?

એક હાથે તાળી પડતી નથી. એ વાત આપણે જાણીએ છીએ તો પછી શા માટે એક હાથ કહે એમ જ કરવાનું? આપણે શા માટે બીજી વાર વિચારતા નથી હોતા? કોઈ કહે એમ શા માટે? હા, તમારું મન માને એમ જ કરો. કોઈની લાગણીના પિંજરમાં કેદ થવાનું શા માટે? અને ક્યાં સુધી? પ્રિયજનની બધી જ વાતમાં શા માટે સહમત થઈ જવું જોઈએ?

**તમે કોઈના પ્રેમનો સ્વીકાર કરો છો, કોઈની ગુલામીનો સ્વીકાર કરતા નથી, એ વાત તમારે ધ્યાનમાં રાખવી જ જોઈએ**

પ્રેમ એટલે? શરણાગતિ નહીં, પરતંત્રતા નહીં અને ગુલામી પણ નહીં. પ્રેમ એટલે ગમતી વાતોનો સ્વીકાર અને નહીં ગમતી વાતોનો સન્માનપૂર્વક ઈનકાર. પ્રેમ બધું જ ધાર્યું કરાવે એવું નહીં. જે ગમે તે કરો એનું નામ પ્રેમ. અણગમતું એક ડગ પણ માંડવું પડે તો એ પ્રેમ નહીં પણ વહેમ.

પ્રેમની અભિવ્યક્તિને પણ વાસ્તવિકતાની જમીનની તલાશ હોય છે. પ્રેમને પણ સત્યના સૂરજની તલાશ હોય છે. પ્રેમને મીણની માફક બળતા રહેતા અજવાળામાં ક્યાં સુધી રાખી શકાય?

પ્રેમ એટલે મુક્ત પંખીનું ઉડ્ડયન. આવું સહઊડ્ડયન પણ સંભવી શકે. એમાં પછી કોઈ અવરોધ કે ગતિરોધ ન આવે. પવનની પાંખે વિહાર. શઢને હવાનું દબાણ મળી રહે એ પ્રમાણે નાવ ચાલ્યા કરે. પવનની ગતિ સમજવી પડે. વિશ્વાસ ખરો, પરંતુ આંધળો વિશ્વાસ નહીં.

સંવેદનાની ઝલક આપી જતો એક પ્રસંગ છે. અનિલ અને મધુ સમાજની નજરમાં સરસ યુગલ. બેઉના ચહેરા ઉપર પ્રેમનું સ્મિત જોવા મળે. મધુને સરકારી નોકરી એટલે સારો પગાર અને ઘરની ચિંતામાંથી અનિલને જાણે મળી ગઈ મુક્તિ. શું મધુએ જ કામ કર્યે રાખવાનું? અનિલની કોઈ જવાબદારી નહીં? અનિલ માત્ર પ્રેમ કરે એટલે એને કોઈ સ્વરોજગાર કે નોકરી કરવામાંથી મુક્તિ મળી જાય?

પ્રેમમાં આવું શોષણ — લાગણીઓનું શોષણ — થતું રહેતું હોય એવા આપણી નજર સમક્ષ સંખ્યાબંધ કિસ્સાઓ જોવા મળતા હોય છે. અનિલ અને મધુએ પ્રેમલગ્ન કર્યા હોવાથી લગ્નની શરુઆતનાં વર્ષોમાં સમાજમાં બને છે એમ મા-બાપ અને પરિવાર તરફથી વિરોધ સાથે જાકારો મળ્યો હોય. જાએ તો જાએ કહાં? અનિલ જેવા યુવાનને સ્પષ્ટ ખબર હોય કે પત્ની બનેલી પ્રિયા હવે મને છોડીને ક્યાં જવાની છે?

પ્રેમમાં ગણતરીઓ ચાલે? ન ચાલે. પરંતુ જ્યાં ગણતરીઓ અને કાવાદાવા, કશુંક મેળવી લેવાની વૃત્તિ અને લોભ-લાલચ હોય ત્યાં પ્રેમ તો ન જ હોય. પ્રેમમાં કંઈ પણ મેળવવાની ભાવના આવે જ નહીં. આપીને પામવાનું નામ પ્રેમ. કંઈક લેવાનું અને કંઈક આપવાનું જ્યાં કર્મ થાય એ પ્રેમ નથી, પરંતુ લેવડદેવડ છે અને લેવડદેવડ તો વેપાર-ધંધામાં થાય. પ્રેમ એ કોઈ લેવડદેવડનું કાર્ય કે વેપાર-ધંધો હરગીઝ નથી.

અનિલ અને મધુથી જરા જુદો કિસ્સો મિત અને વાચિનીનો છે. મિતને સારી નોકરી અને સારો પગાર હતો. હકીકતમાં તો સાથે નોકરી કરવાના કારણે જ વાચિની સાથે પ્રેમસંબંધ અને લગ્ન કર્યા હતાં. મિત કરતા વાચિનીનો પગાર થોડો વધારે હતો. લગ્ન પછી વાચિની એક દીકરીની મા પણ બની. મિત પોતાનો પ્રેમ ભભરાવીને વાચિનીને કહેતો કે "હવે તારે નોકરી કરવાની શી જરુર છે?" વાચિની માની ગઈ અને સારી નોકરી — સારો પગાર છોડીને ઘર સંભાળનારી ગૃહિણી બની ગઈ. હવે તેને એક-એક રૂપિયા માટે મિત પાસે હાથ લંબાવવો પડે છે. તેને વિચારો આવે છે કે "મેં મારી નોકરી શા માટે છોડી દીધી?" પરંતુ હવે પસ્તાવો કરવાનો તેના માટે કોઈ અર્થ નથી.

કૅથરિન કહે છે એમ પ્રેમમાં આંધળા બની જવાની જરુર નથી. આંખો ખુલ્લી રાખવી જોઈએ. પોતાનું સારું અને ખરાબ શું છે? એ પ્રકારનાં પ્લસ-માઈનસ સમજવા જ પડે. તમે કોઈના પ્રેમનો સ્વીકાર કરો છો, કોઈની ગુલામીનો સ્વીકાર કરતા નથી, એ વાત તમારે ધ્યાનમાં રાખવી જ જોઈએ.

વાત માત્ર મેલ-ફિમેલની નથી. દરેક વ્યક્તિએ સમજવાની જરુર છે. જીવનના ફૂગ્ગામાં પ્રેમની હવા ભરેલી જ રહેવી જોઈએ. હવા નીકળી જાય અને ફૂગ્ગો વાસ્તવિકતાની જમીન ઉપર પછડાય એવું ન બનવું જોઈએ. પ્રેમના નામે કોઈ તમારી લાગણીને બહેકાવે અને તમને બ્લૅકમેઈલ કરે એવું ચલાવી લેવાય નહીં.

પ્રેમ એ કવિતા છે, પરંતુ પ્રિયજન અને પ્રિયાએ — બેઉએ સમજીને અને સાથે રહીને લખવી જોઈએ. પ્રેમનો પાયો એટલે સમજણનો સેતુ. પ્રેમના ચાર આધારસ્તંભ (૧) વિશ્વાસ, (૨) વફાદારી, (૩) લાગણી-સંભાળ, (૪) નિસબત — એકમેક સાથે, એકમેક પ્રત્યે અનુસંધાન — જોડાણ.

**સ્ટોપર :**

**"તને ચાહું ને તારા ચાહનારાનેય ચાહું?**
**દિલ આપી દે પાછું, એ બધું આપણને નૈ ફાવે."**

**— ખલીલ ધનતેજવી**